૯

બાળ સંભાળ ગૃહના નિરીક્ષણ માટે રાજ્ય અને જિલ્લા કક્ષાની નિરીક્ષણ સમિતિ(Inspection Committee)માં ફેરફાર કરવા બાબત.

....................................................

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૨૦/૧૮૪૫૩/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૮/૦૯/૨૦૨૦

વંચાણે લીધાઃ

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ જજઅ/ ૧૦૨૦૧૧/૬૯૭૦૬૫(પાર્ટ-૨)/છ, તા.૦૧/૧૨/૨૦૧૮.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પરીપત્ર ક્રમાંકઃ સસુખા/સીપીડી /૨૦૧૫-૧૬/૧૫૪૬, તા.૨૯/૦૯/૨૦૧૫.

(૩) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જીએસસીપીએસ/૨૩૮/CNCP/૨૦૧૯-૨૦/૧૫૦ -૧૫૧, તા.૦૭/૦૧/૨૦૧૯.

(૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જીએસસીપીએસ/૧૭૯/૨૦૨૦-૨૧/૧૫૧૧, તા.૦૯/૦૪/૨૦૨૦.

પ્રસ્તાવનાઃ

ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ હેઠળ ભારત સરકાર દ્વારા રચવામાં આવેલ ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) મોડેલ રૂલ્સ, ૨૦૧૬ના નિયમ-૪૧(૧) હેઠળ બાળ સંભાળ ગૃહના નિરીક્ષણ માટે રાજ્ય અને જિલ્લા માટે નિરીક્ષણ સમિતિની (Inspection Committee)ની રચના કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇ

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) થી રાજ્ય કક્ષાની અને નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) થી જિલ્લા કક્ષાની નિરીક્ષણ સમિતિની રચના કરવામાં આવેલ.

પરંતુ તા.૦૩/૧૨/૨૦૧૯થી રાજ્યમાં ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ અમલમાં આવેલ છે. જેથી ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ ના નિયમ ક્રમાંક: ૪૨ માં જણાવ્યા મુજબ તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રીની વંચાણે લીધેલ ક્રમાંક: (૩) અને (૪)ની દરખાસ્ત પ્રમાણે રાજ્ય અને જિલ્લાની નિરીક્ષણ સમિતિમાં ફેરફાર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:

<u>રાજ્ય કક્ષાની નિરીક્ષણ સમિતિ</u>

પુખ્ત વિચારણાને અંતે ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ના નિયમ-૪૨(૨)ની જોગવાઇ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક: (૧) ના ઠરાવથી રચના કરવામાં આવેલ રાજ્ય કક્ષાની નિરીક્ષણ સમિતિમાં (Inspection Committee) નીચે મુજબનો ફેરફાર કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | | નિરીક્ષણ સમિતિમાં હોદ્દો |
|---|---|---|---|
| (૧) | નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર. | | અધ્યક્ષશ્રી |
| (૨) | સચિવશ્રી, ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર. | | સભ્યશ્રી |
| (૩) | મદદનીશ શ્રમ આયુક્તશ્રી (વર્ગ-૧), લેબર કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર. | | સભ્યશ્રી |
| (૪) | મદદનીશ નિયામકશ્રી/સ્ટેટ પ્રોગ્રામ ઑફીસર (મેન્ટલ હેલ્થ) (વર્ગ-૧), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર. | | સભ્યશ્રી |
| (૫) | ઑફીસર ઈન્ચાર્જ (AR&VE), સમગ્ર શિક્ષાની કચેરી, સર્વ શિક્ષણ અભિયાન, | | સભ્યશ્રી |

| | | | |
|---|---|---|---|
| | ગાંધીનગર. | | |
| (૬) | પ્રોગ્રામ મેનેજર, સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સી, ગાંધીનગર. | | સભ્યશ્રી |
| (૭) | પ્રોગ્રામ મેનેજર (ચાઇલ્ડ પ્રોટેકશન) ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર. | | સભ્ય સચિવશ્રી |
| (૮) | બાળ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ | | સભ્યશ્રી |
| (૯) | પ્રતિષ્ઠિત સામાજિક કાર્યકર | | સભ્યશ્રી |

અનુક્રમ નં. ૮ અને ૯ના સભ્યશ્રીઓની નિમણૂંક સમિતિના અધ્યક્ષશ્રી દ્વારા કરવાની રહેશે તથા તેઓની મુદત ત્રણ વર્ષની રહેશે. ઉપરાંત આ નિરીક્ષણ સમિતિએ ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ના નિયમ-૪૨(૨,૩,૪,૫,૬,૭)ની જોગવાઇ મુજબની કામગીરી કરવાની રહેશે.

<u>જિલ્લા કક્ષાની નિરીક્ષણ સમિતિ</u>

ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ના નિયમ-૪૨(૯)ની જોગવાઇ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક: (૨) ના પરીપત્રથી રચના કરવામાં આવેલ જિલ્લા કક્ષાની નિરીક્ષણ સમિતિમાં (Inspection Committee) નીચે મુજબનો ફેરફાર કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | | નિરીક્ષણ સમિતિમાં હોદ્દો |
|---|---|---|---|
| (૧) | જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટથી નીચેની કક્ષાના ન હોય તેવા અધિકારીશ્રી | | અધ્યક્ષશ્રી |
| (૨) | જુવેનાઇલ જસ્ટીસ બોર્ડના સભ્યશ્રી | | સભ્યશ્રી |
| (૩) | ચાઇલ્ડ વેલ્ફેર કમિટીના સભ્યશ્રી | | સભ્યશ્રી |
| (૪) | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી | | સભ્યશ્રી |
| (૫) | જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી | | સભ્ય સચિવશ્રી |
| (૬) | જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | | સભ્યશ્રી |

| | | | |
|---|---|---|---|
| (૭) | બાળકોના અધિકાર, કાળજી, સુરક્ષા અને કલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતા સામાજિક કાર્યકર | | સભ્યશ્રી |
| (૮) | બાળકો માટે કામ કરેલ માનસિક સ્વાસ્થના નિષ્ણાત | | સભ્યશ્રી |
| (૯) | શિક્ષણના નિષ્ણાત | | સભ્યશ્રી |

અનુક્રમ નં. ૭, ૮ અને ૯ ના સભ્યશ્રીઓની નિમણૂંક સમિતિના અધ્યક્ષશ્રી દ્વારા કરવાની રહેશે તથા તેઓની મુદત ત્રણ વર્ષની રહેશે. ઉપરાંત આ નિરીક્ષણ સમિતિએ ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ના નિયમ-૪૨(૧૦,૧૧,૧૨,૧૩,૧૪)ની જોગવાઇ મુજબની કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patel

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટસ, બ્લોક નં.૧૯/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ, ગુજરાત રાજ્ય. (મારફતઃ સી.ઈ.ઓ., જી.એસ.સી.પી.એસ)
- સર્વે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય. (મારફતઃ સી.ઈ.ઓ., જી.એસ.સી.પી.એસ)
- સર્વે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય. (મારફતઃ સી.ઈ.ઓ., જી.એસ.સી.પી.એસ)
- સર્વે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય. (મારફતઃ સી.ઈ.ઓ., જી.એસ.સી.પી.એસ)

નકલ સવિનય રવાના:

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા. ન્યા. અને અધિ. વિભાગ. વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ.